# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરશે

2) ભારત AI ઇમ્પેક્ટ સમિટનું AI વિઝનના મજબૂત વૈશ્વિક સમર્થન સાથે સમાપન.

3) ગૃહમંત્રી અમિત શાહ આજે ગુવાહાટીમાં CRPF ના સ્થાપના દિવસની પરેડમાં હાજરી આપશે.

4) ગુજરાત સરકારે ધોલેરા SIRમાં એક વિશાળ AI ડેટા સેન્ટર બનાવવા માટે L&T સાથે કરાર કર્યા

5) મહિલા ક્રિકેટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની T20 શ્રેણીની અંતિમ મેચ આજે રમાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM BRAZIL PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરશે. બંને નેતાઓ બહુપક્ષીય મંચોમાં સહયોગ, સુધારેલ બહુપક્ષીયવાદ, વૈશ્વિક શાસન અને ગ્લોબલ સાઉથ સંબંધિત મુદ્દાઓ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

# PM FOXCONN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશમાં યમુના એક્સપ્રેસવે ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓથોરિટી ખાતે HCL-ફોક્સકોન સંયુક્ત સાહસ પ્રોજેક્ટના શિલાન્યાસ સમારોહમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા ભાગ લેશે.

આ પ્રોજેક્ટ સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત બનાવવા, આયાત પર નિર્ભરતા ઘટાડવા અને મજબૂત વૈશ્વિક પુરવઠા શૃંખલા બનાવવાના સરકારના પ્રયાસોને અનુરૂપ છે.

આ પહેલ દેશના સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને વેગ આપશે, નવીનતા, કૌશલ્ય વિકાસ અને ટેકનોલોજી ટ્રાન્સફરને પ્રોત્સાહન આપશે. આ સુવિધા એન્જિનિયરો, ટેકનિશિયન અને વ્યાવસાયિકો માટે હજારો પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો ઉભી થશે.

# AI IMPACT SUMMIT-VAISHNAV

ભારત AI ઇમ્પેક્ટ સમિટ 2026 ગઈકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારતના જવાબદાર AI વિઝનના મજબૂત વૈશ્વિક સમર્થન સાથે સમાપન થયું.

નવી દિલ્હીમાં સમાપન પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, ઇલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, AI ઇમ્પેક્ટ સમિટ ઘણા મોરચે સફળ રહી છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ઘણા સ્ટાર્ટઅપ્સને તેમનું કાર્ય પ્રદર્શિત કરવાની તક મળી અને ચર્ચાની ગુણવત્તા અસાધારણ હતી.

બાઇટ: ASHWINI-ON-AI-SUMMIT

# INDIA AI IMPACT EXPO. EXTENDED

આજે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ એક્સ્પોનો છેલ્લો દિવસ છે. પ્રદર્શકો, નવીનતાઓ અને મુલાકાતીઓ તરફથી મળેલા જબરદસ્ત પ્રતિસાદને કારણે સરકારે એક્સ્પોને વધુ એક દિવસ માટે લંબાવ્યો છે. એક્સ્પો સવારે 9:15થી સાંજે 6 વાગ્યા સુધી ખુલ્લો રહેશે.

સાંભળીએ એક અહેવાલ......

બાઇટ: AMAN-ON-AI-SUMMIT

# AMIT SHAH ASSAM

ગૃહમંત્રી અમિત શાહ આજે ગુવાહાટીમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ- CRPFના સ્થાપના દિવસની પરેડમાં હાજરી આપશે. તેઓ ત્યાં 10મી આસામ પોલીસ બટાલિયનનો શિલાન્યાસ પણ કરશે.

પ્રથમ વખત, CRPFની વાર્ષિક સ્થાપના દિવસ પરેડ આસામ અને ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં યોજાઈ રહી છે.

સાંભળીએ એક અહેવાલ

V/C- AMIT-SHAH-ASSAM

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GUJARAT-AI DATA CENTRE MOU

ગુજરાત સરકારે ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજનમાં એક વિશાળ AI ડેટા સેન્ટર બનાવવા માટે લાર્સન & ટ્યૂબ્રો વ્યોમા (L&T) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026માં રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની હાજરીમાં કરવામાં આવ્યો હતો.

L&T વ્યોમા 250 મેગાવોટ, પર્યાવરણને અનુકૂળ ડેટા સેન્ટર બનાવવા માટે 25 હજાર કરોડનું રોકાણ કરશે, જે 2028 સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. આ કેન્દ્ર ક્લાઉડ કમ્પ્યુટિંગ અને એડવાન્સ્ડ ડેટા એનાલિટિક્સ જેવી હાઇ-ટેક સેવાઓને પાવર આપવા માટે સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ કરશે. આનાથી બાંધકામ અને ટેકનોલોજી ક્ષેત્રોમાં ઘણી નવી નોકરીઓનું સર્જન થશે.

# MEA - INDIA US TRADE

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભારત અને અમેરિકા તાજેતરમાં અપનાવવામાં આવેલા સંયુક્ત નિવેદન અનુસાર પરસ્પર ફાયદાકારક વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે કામ કરી રહ્યા છે.

નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે મુખ્ય વાટાઘાટકારના નેતૃત્વમાં એક ભારતીય પ્રતિનિધિમંડળ આવતા અઠવાડિયે અમેરિકાની મુલાકાત લેશે.

બાઇટ – રણધીર જયસ્વાલ, પ્રવક્તા વિદેશ મંત્રાલય

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 131મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# WOMEN'S - CRICKET

મહિલા ક્રિકેટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની T20 શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ આજે ઓસ્ટ્રેલિયાના એડિલેડ ઓવલ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે પોણા બે વાગ્યે શરૂ થશે.

કેનબેરામાં રમાયેલી બીજી મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાએ ભારતને 19 રને હરાવ્યા બાદ શ્રેણી 1-1થી બરાબર છે. અગાઉ, સિડનીમાં રમાયેલી પહેલી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું હતું.

# ICC T20

ICC T20 ક્રિકેટ વિશ્વકપનો સુપર 8 તબક્કો આજથી શરૂ થઈ રહ્યો છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે સુપર 8 તબક્કાની પહેલી મેચમાં આજે ન્યુઝીલેન્ડ પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે.

ભારત આવતીકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા સામે પોતાનો પહેલો સુપર 8 મુકાબલો રમશે.

# WHITE HOUSE - INDIA TARIFF

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે સુપ્રીમ કોર્ટના તેમના ઘણા મૂળ ટેરિફ રદ કરવાના નિર્ણય પછી તેઓ વૈકલ્પિક કાયદાઓનો ઉપયોગ કરીને નવો વૈશ્વિક 10 ટકા ટેરિફ લાદશે. નવા ટેરિફ એક કાયદા હેઠળ આવશે જે તેમને 150 દિવસ સુધી મર્યાદિત કરે છે

કલમ 122 હેઠળ જાહેર કરાયેલ આ નવો 10 ટકા ટેરિફ વધારાનો ટેરિફ નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક શક્તિ અધિનિયમ પર આધારિત અગાઉના ટેરિફને બદલશે, જેને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધા હતા.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં અમેરિકન સુપ્રીમ કોર્ટના ટેરિફ અંગેના ચુકાદાના સમાચાર છપાયા છે.
- દિવ્ય ભાસ્કર અને સંદેશ લખે છે કે, ટ્રમ્પને આંચકો: અમેરિકન સુપ્રીમ કોર્ટે ટેરિફ રદ કરી ગેરકાયદેસર જાહેર કર્યો.
- ફૂલછાબ લખે છે કે, ટ્રમ્પનાં ટેરિફનું ટાય ટાય ફિશ
- જ્યારે નવગુજરાત સમયે લખ્યું છે કે, US સુપ્રીમ કોર્ટે ટેરિફ રદ કરી તો ટ્રમ્પે વધુ 10% ઝીંકી
- ગુજરાત સમાચારે લગ્ન નોંધણીના નવા નિયમો અંગેના સમાચારને ટાંકતા લખ્યું છે કે, સરકાર જ યુવક-યુવતીના માતા-પિતાને જાણ કરશે, 30 દિવસ પછી લગ્ન નોંધણી.
- સ્થાનિક સમાચારોમાં વલસાડના કપરાડામાં કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં 7ના મૃત્યુ, સરકારી મગફળીનો ભારે ઊંચા ભાવથી પ્રથમ સોદો, ગુજરાતમાં આર્ટસ, સાયન્સ અને કોમર્સની 3 હજાર જેટલી સરકારી બેઠકો વધશે.... જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.